પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૪ | ૧૫ માર્ચ, ૨૦૧૯, શુક્રવાર; ફાગણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# તો પાક. મસૂદ ભારતને સોંપે : સુષ્મા

**ઉદારતાની વાત પર ઈમરાન ખાનને સુષ્મા સ્વરાજે રોકડું પરખાવ્યુ : જ્યાં સુધી પાકિસ્તાન તેમની જમીન પર આતંકીઓ અને આતંકી અડ્ડાઓ ઉપર કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી ભારત તેમની સાથે કોઈ વાતચીત નહીં કરે, કોઇ પણ હુમલો થયો તો ભારત ચૂપ રહેશે નહિ**



ન્યુ દિલ્હી,તા.૧૪

વિદેશ પ્રધાન સુષમા સ્વરાજે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાનને રોકડું પરખાવી દીધુ છે. તેમણે કહ્યું કે જો તમે એટલા જ ઉદાર હોવ તો આતંકી મસૂદ અઝહરને ભારતને સોંપી દો. વિદેશ પ્રધાને પાકિસ્તાન સાથે કોઈ પણ પ્રકારની વાતચીતને ફગાવતા કહ્યું કે જ્યાં સુધી પાકિસ્તાન તેની ધરતીથી સંચાલિત થઈ રહેલા આતંકી સંગઠનો વિરુદ્ધ કાર્યવાહી નહીં કરે ત્યાં સુધી ભારત તેની સાથે કોણ પ્રકારની વાતચીત નહીં કરે. બુધવારે ઈન્ડિયાઝ વર્લ્ડ: મોદી ગવર્મેન્ટ્સ ફોરેન પોલીસી પર વાતચીતમાં કહ્યું કે પાકિસ્તાને વારંવાર દ્વિપક્ષીય સંબંધોને બરબાદ કરવા પર ઉતારુ થઈ ગયેલા આઈએસઆઈ અને પોતાની સેનાને કાબુમાં લેવાની જરૂર છે.

તેમણે કહ્યું કે "જો ઈમરાન ખાન એટલા ઉદાર હોય, અને રાજનેતા હોય તો તેમણે મસૂદ અઝહરને અમને સોંપી દેવો જોઈએ." વિદેશ મંત્રીએ કહ્યું કે ભારતના પાકિસ્તાન સાથે સારા સંબંધ થઈ શકે છે પરંતુ શરત એ છે કે પાડોશી દેશ, "પોતાની ધરતી પર આતંકી સમૂહો વિરુદ્ધ કાર્યવાહી કરે.

વિદેશ પ્રધાન સુષ્મા સ્વરાજે બુધવારના રોજ કહ્યું કે પુલવામા હુમલા બાદ તેમણે કેટલાંય દેશોને અવગત કરાવી દીધા કે ભારત, પાકિસ્તાનની સાથે સ્થિતિને બગડવા દેવાશે નહીં. પરંતુ એ દેશથી કોઈ પણ હુમલો થયો તો તેઓ ચુપ રહેશે નહીં. મોદી સરકારની વિદેશ નીતિ પર એક થિંક ટેન્કને સંબોધિત કરતાં તેમણે કહ્યું કે પાકિસ્તાનને ચિંતા છે કે ભારત સ્થિતિને ખરાબ કરશે અને

● અનુસંધાન પાન-૭ પર

## જથ્થાબંધ મોંઘવારી દર ફેબ્રુઆરીમાં વધીને ૨.૯૩ ટકાએ પહોંચ્યો



ન્યુ દિલ્હી,તા.૧૪

જથ્થાબંધ મોંઘવારી દર ફેબ્રુઆરીમાં વધીને ૨.૯૩ ટકા રહ્યો છે. જાન્યુઆરીમાં તે ૨.૭૬ ટકા હતો. તે ૧૦ મહીનામાં સૌથી ઓછો હતો. પ્રાથમિક વસ્તુઓ, ઈંધણ અને વિજળીની કિંમતોમાં વધારો થવાને કારણે ફેબ્રુઆરીમાં જથ્થાબંધ મોંઘવારી દરમાં વધારો થયો છે. સરકારે ગુરુવારે આ આંકડાઓ બહાર પાડ્યા છે.

પ્રાથમિક વસ્તુઓ જેવી કે બટાકા, ફળ અને દૂધનો જથ્થાબંધ મોંઘવારી દર ફેબ્રુઆરીમાં વધીને ૪.૮૪ ટકા રહ્યો હતો. જાન્યુઆરીમાં તે ૩.૫૪ ટકા હતો. ઈંધણ અને વિજળી સેગમેન્ટનો જથ્થાબંધ મોંઘવારી દર ૧.૮૫ ટકાથી વધીને ૨.૨૩ ટકા પર પહોંચી ગયો છે. મોંઘવારી દરમાં ૪ મહીનામાં પ્રથમવાર વધારો થયો છે. તે નવેમ્બરથી જાન્યુઆરી સુધી સતત ઓછો રહ્યો હતો. ડિસેમ્બર ૨૦૧૮માં ૩.૪૬ ટકા, નવેમ્બરમાં ૪.૬૪ ટકા અને ઓક્ટોબરમાં ૫.૨૮ ટકા હતો. ખાવા-પીવાની ચીજોના ભાવ વધવાથી ફેબ્રુઆરીમાં રિટેલ મોંઘવારી દર ૨.૫૭ ટકા નોંધાયો છે. તે ચાર મહીનામાં સૌથી અધિક છે. રિટેલ મોંઘવારી દરના આંકડા મંગળવારે આવ્યા હતા.

# મસુદના મામલે ચીનના વલણથી વિશ્વભરમાં આક્રોશ

**ચીનના વીટો બાદ અન્ય એક્શન લેવા ફરજ પડે તેવી પણ સંભાવના : ત્રાસવાદની સામે લડાઇમાં ચીનનુ વલણ વિશ્વની સમક્ષ સ્પષ્ટ થયુ : અમેરિકા, રશિયા, ફ્રાન્સ, બ્રિટન સહિતના દેશ ત્રાસવાદ સામે લડાઈમાં ભારતની સાથે**

નવી દિલ્હી,તા. ૧૪

પુલવામા ત્રાસવાદી હુમલા બાદ આ હુમલાની જવાબદારી સ્વીકારનાર જેશે મોહમ્મદના લીડર મસુદ અઝહરને વૈશ્વિક ત્રાસવાદી તરીકે જાહેર કરવા પ્રસ્તાવ પર ચીને ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં અડચણ ઉભી કર્યા બાદ વિશ્વના શક્તિશાળી દેશો ચીનના વલણને લઈને નારાજ દેખાઈ રહ્યા છે. ચીન દ્વારા વીટોનો ઉપયોગ કરીને પાકિસ્તાનની ફરી એકવાર મદદ કર્યા બાદ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સભ્ય દેશોએ કહ્યુ છે કે અન્ય એક્શન લેવા માટે ફરજ પડી શકે છે. આ ચોથી વખત બન્યુ છે જ્યારે ચીને વીટો પાવરનો ઉપયોગ કરીને પ્રસ્તાવને નિષ્ક્રિય કરી દેવામાં સફળતા મેળવી છે. ભારતે ચીનના વલણ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, આતંકવાદ સામેની લડાઈ જારી રહેશે. ચીનનું વલણ કોઈપણ રહે પરંતુ ભારત આતંકવાદ સામેની લડાઈમાં અકબંધ છે અને તેની લડાઈ વધુ નિર્ણાયકરીતે જારી રહેશે. જો કે આ વખતે સુરક્ષા પરિષદના સભ્યો અન્ય વિકલ્પ પર વિચારણા કરી શકે છે. ચીને આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. ભારત માટે સારી બાબત એ રહી છે કે અન્ય ચાર સ્થાયી સભ્યો અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ અને રશિયાએ ભારતને સાથ આપીને ત્રાસવાદની સામે લડાઈ સાથે લડવાની ખાતરી આપી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**એનસીપીના ઉમેદવારોની યાદી જાહેર**

શરદ પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીએ પોતાના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. એનસીપી અને કોંગ્રેસે સીટોના બટવારાની ઘોષણા નથી કરી પરંતુ એવું માનવામાં આવી રહ્યું છે કે રાજયમાં કોંગ્રેસ પાસે ૨૬ સીટો તો એનસીપી પાસે ૨૨ સીટો રહેશે.

**કરતારપુર કોરીડોર ટૂંક સમયમાં શરુ થશે**

કરતારપુર કોરીડોર બાબતે તાજેતરમાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. અટારી-વાઘા બોર્ડર પર યોજાયેલી આ બેઠકમાં બંને દેશોના પ્રતિનિધિઓએ સંયુકત જાહેરાત કરી હતી કે કરતારપુર કોરીડોર ટૂંક સમયમાં શરુ કરી દેવાશે. પ્રવાસીઓની સુરક્ષા અને સુવિધા બાબતે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

**એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલનું સફળ પરીક્ષણ**

યુધ્ધમાં ટેન્કને નષ્ટ કરવા માટે ડીઆરડીઓ દ્વારા વિકસીત મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલનું ભારતે રાજસ્થાનના પોખરણ રેન્જમાં સફળ પરીક્ષણ કર્યુ હતું. આના કારણે થળ સેનાની ક્ષમતામાં અભૂતપૂર્વ વધારો થશે.

**બોલર મોહમ્મદ શમીની મુશ્કેલીઓ વધી**

ટીમ ઈન્ડિયાના ફાસ્ટ બોલર મોહમ્મદ શમીની મુશ્કેલીઓ વધી શકે છે. તેમની વિરુધ્ધ દહેજ ઉત્પીડન કેસમાં ચાર્જશીટ દાખલ થઈ છે. તેમની પત્નિ હસીન જહાંએ ગયા વર્ષે શમી વિરુધ્ધ અનેક ફરિયાદો કરી હતી.

**દિલ્હી એરપોર્ટ પર ૨.૨૫ કરોડનું લાકડુ જપ્ત**

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સીઆઈએસએફે ૪૫ કિલો ચંદનનું લાકડું જપ્ત કર્યું છે. એક યાત્રીના બેગમાંથી આ લાકડુ મળી આવ્યું હતું. જેની કિંમત ૨.૨૫ કરોડ રૂપિયા જેટલી થાય છે.

# રાફેલ કેસનો વિશેષાધિકાર પર સુપ્રીમનો ચુકાદો અનામત રહ્યો

**લીક દસ્તાવેજો ઉપર વિશેષાધિકારનો મામલો : કોઇપણ સંબંધિત વિભાગની લીલીઝંડી વગર કોઇપણરીતે દસ્તાવેજો રજૂ કરી શકાય નહીં : કરાયેલી તર્કદાર દલીલો**

નવી દિલ્હી, તા.૧૪

રાફેલ ડિલમાં પોતાના ચુકાદા પર ફેરવિચારણા કરવાની માંગ કરતી અરજીઓ ઉપર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે લીક દસ્તાવેજો ઉપર કેન્દ્રના વિષેશાધિકારના દાવા પર આદેશ અનામત રાખી દીધો છે. હકીકતમાં કેન્દ્ર સરકારે રાફેલ યુદ્ધ વિમાનો સાથે સંબંધિત દસ્તાવેજો ઉપર વિશેષાધિકારનો દાવો કર્યો હતો અને સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, કેટલીક જોગવાઈ હેઠળ કોઈપણ સંબંધિત વિભાગની મંજુરી વગર કોઈપણ પુરાવા રજૂ કરી શકાય નહીં. એજીએ કહ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત દસ્તાવેજો પ્રકાશિત કરી શકે નહીં. રાષ્ટ્રની સુરક્ષા સર્વોપરી છે. બીજી બાજુ વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું હતું કે, રાફેલના જે દસ્તાવેજો પર એટર્ની જનરલ વિશેષાધિકારનો દાવો કરી રહ્યા છે તે દસ્તાવેજો પ્રકાશિત થઈ ચુક્યા છે. સાર્વજનિક હદમાં છે. તેમણે કહ્યું હતું કે, માહિતી અધિકાર કાનૂન હેઠળ જોગવાઈ કહે છે કે, જનહિત અન્ય ચીજો કરતા સર્વોપરી છે. ગુપ્તચર સંસ્થાઓ સાથે સંબંધિત દસ્તાવેજો ઉપર કોઈપણ પ્રકારના વિશેષાધિકારના દાવા કરી શકાય નહીં. ભૂષણે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતુ કે, રાફેલ ઉપરાંત એવા કોઈપણ અન્ય સંરક્ષણ સોદા નથી જેમાં કેગના રિપોર્ટમાં કિંમતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ભૂષણે કહ્યું છે કે, રાફેલ સોદાબાજીમાં સરકાર-સરકારની વચ્ચે કોઈપણ કરાર નથ. કારણ કે આમા ફ્રાંસે કોઈપણ ગેરન્ટી આપી નથી. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ, જસ્ટિસ સંજય કિશન કૌલ, જસ્ટિસ કેએફ જોસેફની બનેલ બેંચ સમક્ષ કેન્દ્ર તરફથી એટર્ની જનરલ કેકે વેણુગોપાલે પોતાના સમર્થનમાં પુરાવાની કલમ ૧૨૩ અને માહિતી અધિકાર કાયદાની જોગવાઈનો ઉલ્લેખ કર્યો હતો. સુપ્રીમ કોર્ટની આ બેંચ રાફેલ વિમાન સોદાબાજીના મામલામાં પોતાના ચુકાદા ઉપર ફેરવિચારણા કરવા માટે દાખલ કરાયેલી અરજી ઉપર સુનાવણી કરી રહી છે.

## અઝીમ પ્રેમજી બન્યા દેશના સૌથી મોટા દાનવીર : વિપ્રોના ૩૪% શેર દાન કર્યા

**પ્રેમજીએ આપેલા ફંડની રકમ અધધ.. ૧.૪૫ લાખ કરોડ!!**

ન્યુ દિલ્હી,તા.૧૪

આઈટી સેક્ટરના અગ્રણી બિઝનેસમેન અઝીમ પ્રેમજીએ વિપ્રોના ૫૨,૭૫૦ કરોડ રુપિયાના મૂલ્યના શેર પેટે મળેલો લાભ એટલે કે ૩૪ ટકા હિસ્સો તેમના સેવાકીય પ્રવૃત્તિ કરતા ટ્રસ્ટને દાન કરી દીધો છે. અઝીમ પ્રેમજી ફાઉન્ડેશનની વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે પ્રેમજીએ પોતે આપેલા ફંડની રકમ અધધ ૧.૪૫ લાખ કરોડ રુપિયા થઈ ગઈ છે. તેમાં વિપ્રો લિમિટેડની માલિકીના ૬૭ ટકાનો પણ સમાવેશ છે.




વિપ્રોના ચેરમેન પ્રેમજી પોતે અઝીમ પ્રેમજી ફાઉન્ડેશનના ચેરમેન છે. તેમણે જાહેરાત કરી હતી કે ફિલેન્થ્રોપી એટલે કે સેવાકીય પ્રવૃત્તિ માટે તેમની વચનબ્રતા વધી છે. તેઓ પોતાની વ્યિક્તગત આવકમાંથી વધુ રકમ આવી પ્રવૃત્તિ માટે આપશે. વિપ્રોના શેરના વર્તમાન ભાવને ધ્યાનમાં લેતા ૩૪ ટકા હિસ્સો એટલે ૫૨,૭૫૦ કરોડ રુપિયા જેવી જંગી રકમ થાય છે. તેમણે આ રકમ દાનમાં આપી દીધી છે. ડિસેમ્બર-૨૦૧૮ના અંતે વિપ્રોમાં પ્રમોટર હોલ્ડિંગ ૭૪.૩ ટકા હતું.

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપ-શિવસેનાની ૨૪મીએ કોલ્હાપુરમાં પ્રથમ જાહેરસભા

મુંબઈ,તા.૧૪

લોકસભાની ચૂંટણી માટે પ્રચારની રણનીતિ ઘડવા તેમ જ ચૂંટણી પ્રચારના શ્રીગણેશ ક્યારથી કરવા તેની ચર્ચા કરવા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ માતોશ્રી પહોંચ્યા હતા, જ્યાં તેમણે શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સાથે ચર્ચા કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે યુતિના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કોલ્હાપુરના અંબાબાઈના ચરણમાં થશે. આ માટે ભાજપ અને શિવસેનાની ૨૪ માર્ચે કોલ્હાપુરમાં જાહેરસભા થશે. બંને પક્ષના મોવડીઓ આ પ્રચારસભાને સંબોધી ચૂંટણી પ્રચારની શરૂઆત કરશે. મુખ્ય પ્રધાન ફડણવીસ અને ઉદ્ધવ ઠાકરે કોલ્હાપુરના અંબાબાઈના દર્શન કરી આશીર્વાદ મેળવી ચૂંટણી સભા ગજવશે. મહાલક્ષ્મીના દર્શન કરી યુતિ તેની દંદુભી વગાડશે. માતોશ્રીની બેઠકમાં કોલ્હાપુર ઉપરાંત નવી મુંબઈ, પુણે, નાશિક, ઔરંગાબાદ સહિત અન્ય સ્થળોએ જાહેરસભાની પણ ચર્ચા થઈ હતી. લોકસભાની રાજ્યની ૪૮ બેઠકમાંથી ભાજપ ૨૫ અને શિવસેના ૨૩ બેઠક પર તેના ઉમેદવારો ઊભા રાખશે.




## મમતાનો મોદીને પડકાર : ચૂંટણી બંગાળમાંથી જીતી બતાવો



કોલકાત્તા,તા.૧૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પડકાર ફેંક્યો છે કે જો તેમનામાં હિંમત હોય તો ૨૦૧૯ની ચૂંટણી બંગાળમાંથી લડે અને જીતી બતાવે. મમતાએ કહ્યું હું દાવા સાથે કહી શકું કે, મોદીનું નોટબંધીનું પગલું જેવી રીતે નિષ્ફળ રહ્યું હતું તેવી રીતે તેઓ પણ જો બંગાળમાંથી ચૂંટણી લડશે તો એકદમ નિષ્ફળ જશે. મોદી બંગાળથી લોકસભા ચૂંટણી લડી શકે કે નહીં તેની સંભાવના પર પત્રકારોના એક ખાસ સવાલના જવાબમાં મમતા બેનર્જીએ કહ્યું કે, 'કોઈ પણ વ્યકતિ કોઈ પણ સીટ પરથી ચૂંટણી લડી શકે છે. આ એક લોકતાંત્રિક અધિકાર છે. હું પણ વારાણસીથી ચૂંટણી લડી શકું છું. પરંતુ મોદી જો બંગાળમાંથી ચૂંટણી લડે તો નોટબંધી જેવી જ પરિસ્થિતિનું નિર્માણ થાય. ફરીથી તેમને જનતાની અદાલતમાં દંડિત થવું પડે. મમતાએ કહ્યું કે, 'મારું માનવું છે કે તેમણે દેશને બહું મોટું નુકસાન પહોંચાડયું છે. જેના માટે તેમણે લોકોને જવાબ આપવો પડશે. હું ઈચ્છું છું કે તેઓ બંગાળમાંથી ચૂંટણી લડે, એક નહીં બધી ૪૨ સીટો પરથી લડે.' પરંતુ હું દાવા સાથે કહી શકું કે તેઓ એક પણ સીટ પર વિજય નહીં મેળવી શકે.

## અમેરિકા ભારતમાં છ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ સ્થાપશે

વૉશિંગ્ટન,તા.૧૪

ભારત અને અમેરિકા સુરક્ષા ક્ષેત્રે અને ન્યૂક્લિયર ક્ષેત્રે સહકાર વધારવા પર સહમત થયા છે. એટલું જ નહીં આ દિશામાં આગળ વધતા ભારતમાં છ ન્યૂક્લિયર પાવર પ્લાન્ટ સ્થાપવામાં આવશે. બંને દેશ તરફથી સંયુક્ત નિવેદનમાં આ વાત કહેવામાં આવી છે. ભારત અને અમેરિકાના અધિકારીઓએ વૉશિંગ્ટન ખાતે બે દિવસ સુધી વાર્તાલાપ કર્યો હતો, જે બાદમાં આ જાહેરાત કરવામાં આવી હતી. આ વાર્તાલાપમાં ભારત તરફથી વિદેશ સચિવ વિજય ગોખલેએ ભાગ લીધો હતો. અમેરિકા તરફથી ધ યુએસ એન્ડરસેક્રેટરી ઓફ સ્ટેટ ફોર આર્મસ કંટ્રોલ એન્ડ ઈન્ટરનલ સિક્યોરિટીના અન્ડ્રિયા થોમ્પસન વાર્તાલાપમાં જોડાયા હતા.બેઠક દરમિયાન અમેરિકાએ એવી ઈચ્છા વ્યક્તિ કરી છે કે દુનિયામાં સૌથી વધારે ઓઈલની ખરીદી કરતા ત્રીજા નંબરના દેશ ભારતને ડોનાલ્ડ ટ્રમ્પ વધારેમાં એનર્જી પ્રોડક્ટ વેચવા માંગે છે.

● અનુસંધાન પાન-૭ પર

